# બે દિવસ માટે રાજ્યભરમાં ખાતર વેચાણ બંધ કરવાની સરકારની સૂચના

**વેચાણ કેન્દ્રો અને ડેપોમાં જથ્થાનું વિડીયોગ્રાફી વજન સાથેની કરવા પણ સૂચના**

ગાંધીનગર, તા. ૧૦

છેલ્લા બે દિવસથી રાજ્યભરમાં ચકચાર મચાવનાર ખાતર કૌભાંડના મુદ્દે રાજ્ય સરકાર હરકતમાં આવી છે.

રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે જી.એન.એફ.સી. અને જી.એસ.એફ.સી.ને આ ખાતર વેચાણ આજથી બે દિવસ માટે બંધ રાખવાની સૂચનાઓ આપી છે. રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહે રાજ્યમાં ખાતરની બેગ્સમાં ઓછા વજનની વાતો ધ્યાન આવતાં તેમણે આ બન્ને કંપનીના મેને. ડિરેક્ટરો સાથે વાત કર્યા બાદ બે દિવસ માટે વેચાણ બંધ રાખવાની સૂચના આપી હતી.

રાજ્યના આ બે કંપનીના તમામ ડેપો અને વેચાણ કેન્દ્રો પર આ દરમ્યાન ખાતરના વજનની સંપૂર્ણ ચકાસણી વિડીયોગ્રાફી સાથે કરવાની સ્પષ્ટ સૂચના પણ આપવામાં આવી છે.

આ સમગ્ર પ્રક્રિયા સંતોષકારક રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કર્યા બાદ જ સોમવારથી આ ખાતરનું વેચાણ શરૂ કરવાના નિર્દેશ પણ મુખ્ય સચિવે આપ્યા છે.

ગુજરાતમાં ગાજેલા આ ખાતર કૌભાંડનો મુદ્દો અન્ય રાજ્યોમાં ઉછળે નહિ અને આગામી ચૂંટણીના બે તબક્કામાં વિપરીત અસરો પડે નહિ તે ધ્યાને રાખી સરકાર હરકતમાં આવી હોવાની વાતો પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.




વરસાદનો વર્તારો - આપણી ગ્રામીણ સંસ્કૃતિમાં અનુમાન શાસ્ત્રનો પણ અનોખો મહિમા ગણાવાય છે... વરસાદ કેટલો પડશે, કેવો પડશે, એના અનુમાનો ટીંટોડીના ઈંડા મૂકવાના સ્થળ પર આધાર રાખે છે... એમ કહેવાય છે કે ટીંટોડી તો જમીન પર ઈંડા મૂકે તો વરસાદ ઓછો પડે... અને ટીંટોડી જો જમીનથી ઉંચાઈ પર ઈંડા મૂકે તો વરસાદ વધુ પડે છે... આ માન્યતાના આધારે ગાંધીનગરની ફુટપાથના તૂટેલા પેવર બ્લોક વચ્ચે ટીંટોડીએ ઈંડા મૂકતા ઓછા વરસાદનો વર્તારો વહેતો થયો છે...

# સુજલામ સુફલામ જળ સંચય અભિયાનમાં મનરેગા હેઠળ ૨૨ તળાવો બનાવાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૨માં મનરેગા અંતર્ગત ૨૨ જેટલા જળાશયો જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના લેબર બજેટમાં આ અંગેની જોગવાઈ છે. આ બજેટ પસાર થઈ ગયુ છે અને તે પૈકી ૮ તળાવની વહીવટી મંજૂરી તેમજ તકનીકી મંજૂરી ચૂંટણીની આચારસંહિતા પહેલા આપી દેવાઈ હતી જે કામો હાલ ચાલુ છે. બાકી રહેલા તળાવોની મંજૂરી પ્રક્રિયા ચૂંટણીની આચારસંહિતા પૂર્ણ થતાં જ આપવાની પ્રક્રિયા હાથ ધરાશે અને ચોમાસાના આગમન પૂર્વે આ તળાવોના નિર્માણની પ્રક્રિયા પૂર્ણ કરાશે. જિલ્લામાં આ વર્ષે પણ ૧૦૦થી વધુ તળાવો ઊંડા કરવા તેમજ નવા બનાવવા અંગેનો એક્શન પ્લાન ફેબ્રુઆરીમાં તૈયાર કરી અમલવારી પણ ચાલુ કરી દેવાઈ છે. જિલ્લામાં જળ સંચયના કામોને પૂરતી અગ્રતા આપવામાં આવશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં ગત વર્ષે પણ લોકસહયોગ થકી ૧૫૦ કરતા વધુ તળાવો ઉંડા કરવામાં આવ્યા હતા જે નોંધનીય છે. મળતી વિગતો પ્રમાણે આચારસંહિતા ઉઠતાં જ જળસંકટને લઈ તંત્રને સામે ચાલી આવા કામોને અગ્રતા આપવામાં આવે તેવી સૂચનાઓ રાજ્યના મુખ્ય સચિવે પણ તાજેતરમાં જિલ્લાકક્ષાના અધિકારીઓ સાથે યોજેલી વિડીયો કોન્ફરન્સમાં આપી હતી.

# ગુડા આવાસ યોજનામાં નિર્માણ કરાયેલી દુકાનો હજુ ખંડેર

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં રાયસણ ,અડાલજ તેમજ ચિલોડા ખાતે પ્રથમ આવાસો બનાવાયા હતા. જયારે આ આવાસોની ડ્રો ના અંતે ફાળવણી કરવામાં આવી હતી. આ ૧૧૮૦ જેટલા આ આવાસોમાં હાલ પણ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. વર્ષોના અંતે પણ આ દુકાનો ભાડાપેટે ફાળવવા માટે કોઈ નિર્ણય લેવાયો નથી. જેના લીધે સ્થાનિક રહીશોને પણ હાલાકી વેઠવી પડે છે. અગાઉ આ દુકાનો ઓછી આવક ધરાવતા પરિવારજનોને ધ્યાને લઈને

**ગુડા દ્વારા અગાઉ એલ આઇ જી આવાસ યોજનાને અનુલક્ષી દુકાનો તૈયાર કરાઇ હતી**

હાલ રહીશોનો વસવાટ પણ છે. ગુડા નિર્મિત આ આવાસોને અનુલક્ષીને રાયસણ ,અડાલજ તેમજ ચિલોડામાં દુકાનોનુ પણ નિર્માણ કરાયુ હતુ. જેથી આવાસમાં રહેતા રહીશોને નજીકમાંથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ થઇ શકે. પરંતુ લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી આ દુકાનો આવાસની નજીક નિર્માણ કરાઈ હતી. પરંતુ ગુડા દ્વારા હજુ આ દુકાનો ફાળવવામાં આવી નથી. જેના લીધે ખંડેર બનતી દુકાનોના ખર્ચ પર પાણી ફરી વળ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. બીજીતરફ આવાસમાં રહેતા ઓછી આવક ધરાવતા પરિવારજનોએ પણ પોતાના જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે દુર સુધી લાંબા થવુ પડે છે. ગુડા દ્વારા નિર્મિત આવાસ યોજનામાં પુરતી જાળવણીના અભાવે પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે. આવા સંજોગોમાં ગુડાના એલ આઈ જી આવસોને અનુલક્ષી નિર્માણ કરાયેલી દુકાનો ટુંકમાં ધમધમતી થાય તેવુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગુડા દ્વારા મધ્યમવર્ગના પરિવારજનો માટે પણ કુડાસણમાં નવી આવાસ યોજના તૈયાર થઈ રહી છે .જયારે હજુ આગામી દિવસોમાં પણ નવા આવાસો તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. ત્યારે આવાસોની જાળવણીના મામલે તેમજ રહીશોની જરૂરિયાતને ધ્યાને લઈ આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં નિરસતા ન દાખવવામાં આવે તેવુ પણ નાગરિકો ઈચ્છી રહ્યા છે.

# રાજ્યના અનેક ભાગોમાં કમોસમી વરસાદથી નુકસાન

**નવસારી, સાપુતારા, વલસાડમાં વરસાદ : રાજ્યના તમામ ભાગોમાં પારો ૪૦થી નીચે પહોંચી જતા ગરમીથી રાહત : કમોસમી વરસાદથી કેરી પાકને નુકસાન**

અમદાવાદ,તા.૧૦

મોર્નિંગ અપર એર સાઈક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના કારણે હવામાનની સ્થિતિમાં ફેરફાર જોવા મળે છે. એકબાજુ હવામાન વિભાગ દ્વારા ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની ચેતવણી ઉત્તર ગુજરાત માટે જારી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠામાં ચેતવણી જારી કરવામાં આવી છે. ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓમાં પણ ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગનું કહેવું છે કે ગાજવીજ સાથે વરસાદી ઝાપટા ઉત્તર ગુજરાતમાં પડી શકે છે. આગામી દિવસોમાં હવામાનની સ્થિતિ બદલાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ઘટી ગયું હતું. બીજી બાજુ રાજ્યના કેટલાક ભાગોમાં આજે પણ વરસાદ પડ્યો હતો. જેમાં નવસારી, સાપુતારા, વલસાડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કચ્છમાં ધુળ ભરેલી આંધી ચાલી હતી. નવસારી, સાપુતારામાં વરસાદ તથા અન્યત્ર આંશિક વાદળછાયું વાતાવરણના લીધે તાપમાનમાં ઘટાડો થયો હતો. જોકે કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે કેરીના પાકને નુકસાન થયું છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના તમામ ભાગોમાં આજે પારો ૪૦થી નીચે પહોંચી ગયો હતો.

# જિલ્લાના ૨૦૦ જેટલા ગામોમાં સલામત સવારી નસીબ થતી નથી

**પાટનગર નજીકના ગામોમાં જ અપડાઉનકર્તાઓ તેમજ વિદ્યાર્થીઓની હાલત છેવાડાના વિસ્તાર જેવી : એસ ટી તંત્રને અનેકવાર રજુઆત છતા કોઇ આયોજન થતુ નથી**

ગાંધીનગર તા ૧૦

સલામત સવારી એસ ટી અમારીનુ સુત્ર માત્ર શહેરી વિસ્તાર માટે જ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ગાંધીનગર જિલ્લાના ગામોમાં હજુ સુધી સલામત સવારીના પૈડા ફરતા થયા નથી. જિલ્લાના ૨૦૦ જેટલા ગામોમાં એસ ટી બસ જતી નથી.જેના લીધે આ ગામોમાંથી રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોએ ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવાની ફરજ પડે છે. પાટનગર નજીકના વિસ્તારના આ ગામોની હાલત હાઈટેક વિકાસની વાતોના અંતે પણ છેવાડાના ગામ જેવી છે.

સલામત સવારી એસ ટી અમારી ...શહેરમાં એસ ટી બસનુ સંચાલન કરતા ડેપોમાં મુસાફરોની સુવિધાના નામે મીંડુ ચિતરાયેલુ છે. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત વિસરાઈ ગઈ છે. પરંતુ કેબ કલ્ચર વચ્ચે વાહન સેવા આંગળીના ટેરવે થઈ ગઈ છે. આવા સંજોગોમાં ગાંધીનગર જિલ્લાના ગામોને સલામત સવારી નસીબ થતી નથી. જિલ્લાના અંદાજિત ૨૦૦ ગામોમાં એસ ટી બસના દર્શન થતા નથી. સ્થાનિક ગ્રામજનો આ વાતથી પરેશાન છે. પાટનગરથી નજીકના વિસ્તારમાં સ્થિત આ ગામોની હાલત માળખાગત સુવિધા તેમજ વાહન સેવાના મામલે છેવાડાના ગામ જેવી છે. છેલ્લા ઘણાં સમયથી આ ગામોમાં એસ ટી બસની સેવા ઉપલબ્ધ થાય તે માટે અવારનવાર ગ્રામજનો દ્વારા રજુઆત પણ કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી ગાંધીનગર ડેપો સહીત અન્ય તાલુકાના ડેપો કક્ષાએથી પણ કોઈ આયોજન થતુ નથી. જિલ્લાના ૨૦૦ જેટલા ગામોમાં બસ જતી જ નથી. જયારે જે ગામો મુખ્યમાર્ગો પર સ્થિત છે ત્યાં બસ સેવા મળે છે. જેના લીધે આ ગામોમાં રહેતા નોકરીયાતો અને અપડાઉનકર્તાઓને બસ સુવિધા મળતી નથી. રોજબરોજ અભ્યાસ માટે અપડાઉન કરતા વિદ્યાર્થીઓ પણ પરેશાન છે. એસ ટી ની સલામત સવારી નસીબ ન થતા ગ્રામજનોએ લાંબુ અંતરની

● અનુસંધાન પાન-૭ પર

# દુકાળગ્રસ્ત કચ્છ વિસ્તારમાં સ્થિતિની મુખ્યમંત્રી દ્વારા સમીક્ષા

**જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીઓની સાથે મિટીંગ**

અમદાવાદ, તા. ૧૦

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે કચ્છના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા અને લોકોની સમસ્યાને લઈને માહિતી મેળવી હતી. સાથે સાથે વિજય રૂપાણી કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પહોંચીને સમસ્યાઓને લઈને ઝીણવટભરી માહિતી મેળવી લીધા બાદ પગલાની દિશામાં પણ આગળ વધી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ વિજય રૂપાણી સૌથી પહેલા જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીઓ સાથે બેઠક યોજીને અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી પાણી પુરવઠા, ઘાસચારા તથા રોજગાર જેવા કામોને લઈને માહિતી મેળવી હતી. મળેલ માહિતી મુજબ સવારે લખપત તાલુકાના નારાયણ સરોવર રૂપાણી પહોંચ્યા હતા જ્યાં તેઓએ ગ્રામીણોની સાથે તમામ મુદ્દા પર વાતચીત કરી હતી. ઉપરાંત કોટેશ્વર-લખપત તાલુકાના અધિકારીઓની સાથે પણ બેઠક યોજવા પહોંચ્યા હતા. ધોરડો અને મીઠડી ગામના લોકો અંગે પણ માહિતી મેળવી હતી. ગુજરાતમાં પાણીની સમસ્યા દિન પ્રતિદિન વિકટ બની રહી છે. તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે રૂપાણી આજે સ્થિતિની માહિતી મેળવવા માટે દુષ્કાળગ્રસ્ત ક્ષેત્રોમાં પહોંચ્યા હતા. આને લઈને ગ્રામીણ વિસ્તારોએ પણ ઉત્સુકતાપૂર્વક તેમની રજુઆત કરી હતી. આગામી દિવસોમાં દુષ્કાળગ્રસ્ત ક્ષેત્રોના સંદર્ભમાં કેટલીક મોટી જાહેરાતો કરવામાં આવી શકે છે. કચ્છ જિલ્લાના ગ્રામીણ વિસ્તારો તરફથી મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરાઈ હતી. પાણીના આયોજનને લઈને પણ સરકાર દ્વારા વિવિધ પહેલ કરાઈ રહી છે.

# વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગ છતા દબાણો યથાવત

**નગરના મુખ્યમાર્ગો આસપાસ નવી લોખંડની ફેન્સીંગ પરંતુ વન આરક્ષિત વિસ્તારમાંથી ગંદકી અને દબાણો દુર થતા નથી**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે તબક્કાવાર દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. અગાઉ સેકટરોમાં લારી ગલ્લાના દબાણો ઉપરાંત પાકા દબાણો પર તંત્ર ત્રાટક્યુ હતુ. પરંતુ આ ઝુંબેશના અંતે દબાણ હટાવાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. બીજીતરફ અગાઉ દુર કરાયેલા લારી ગલ્લાના દબાણો સેકટરોમાં યથાવત ગોઠવાઈ ગયા છે. નગરના પાર્કીંગ પ્લેસ પર વાહનો પાર્ક કરવાના ઠેકાણે લારી ગલ્લાએ કબજો જમાવી લેતા પાર્કીંગ સેન્સ પણ મરણપથારીએ છે. નગરના કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ સ્થિત પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો યથાવત છે. સમયાંતરે ઝુંબેશ દરમિયાન દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. પરંતુ આ દબાણ હટાવ ઝુંબેશ નાટકીય પુરવાર થતા જૈસે થૈ ની સ્થિતિ જોવા મળી રહી છે. આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. જયારે વન આરક્ષિત જગ્યામાં નવા રોપાઓની વાવણી કરવા માટે પણ વનતંત્રએ તૈયારીઓ કરી દીધી છે. વન આરક્ષિત વિસ્તારની જાળવણી માટે નવી ફેન્સીંગ પણ તૈયાર કરી દેવામાં આવી છે. જો કે નગરના મુખ્યમાર્ગો પર આ ફેન્સીંગ કરી દેવાયા બાદ આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે. પરંતુ હજુ વન આરક્ષિત જગ્યામાં શ્રમિકોના વસવાટ સાથે ગંદકીનુ સામ્રાજય જોવા મળી રહ્યુ છે. જયારે વન આરક્ષિત જગ્યાની ફેન્સીંગની અંદર પણ ઝુંપડાના દબાણો હજુ અસ્તિત્વ ધરાવે છે. શહેરમાં એકબાજુ કોર્પોરેશન દ્વારા નવા વિસ્તારમાં લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે. પરંતુ વન આરક્ષિત જગ્યામાં જ દબાણોનો અડ્ડો છે. અગાઉ વન આરક્ષિત જગ્યાની યોગ્ય જાળવણી માટે નવી ફેન્સીંગ



તૈયાર કરવામાં આવી છે. જયારે આ ફેન્સીંગની કામગીરી પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. આમછતા ફેન્સીંગનો કોઈ હેતુ સરતો નથી. વન આરક્ષિત જગ્યામાં અગાઉ ગંદકી વધતા સ્થાનિકોમાં પણ રોષની લાગણી વ્યાપી હતી. ત્યારે કરોડોના ખર્ચે લોખંડની ફેન્સીંગ લગાવાયા બાદ દબાણો કાયમી ધોરણે દુર કરવા માટે પણ વનતંત્રએ પગલા હાથ ધરવા અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ઘ-૨ થી ગ-૨ વચ્ચેના રહેણાંક વિસ્તારમાં પણ દબાણોનો અડ્ડો જોવા મળી રહ્યો છે.


FIRST TIME IN GANDHINAGAR

Rudev Wellness Center
Wellbeing of health!
Rucha Shah
Wellness Consultant
CFN-Dietician, MBA (USA)

RUDEV
Diabesity Clinic
Dr. D. A. Shah
Consulant Diabetologist & Physician
Diabetology (USA), DNB, Medicine

Stay Healthy with Rudev Clinic
We Organise
HEALTH CHECK UP CAMP
Date : 12-5-2019, SUNDAY | Time : 7-30 A.M. to 10 A.M.
DIABESITY, CHOLESTEROL, THYROID & FATTY LIVER SCREENING
Only ₹ 699

- Diabetic Neuropathy
- Height, Weight, BMI &
- Blood Pressure Checkup
- RBS - For Diabetes
- HBA1C (Average of 90 Days)
- S.TSH
- Liver Function Test (SGPT, SGOT, GGTP)
- Lipid Profile
- PFT - Lung Capacity
- Diabetologist Consultation
- Sp. Diet Plan for Diabetic Patient

www.rudevwcc.com
For Registration - 94285 50080
Shop No. 1, Niramay Medical Hub, Sector-6, Gandhinagar



બંગલો વેચવાનો છે.
૧૩૫ ચો.મીટર, સેક્ટર-૨૨
૪૭૦/૧, ઘ-૬નજીક,
ઈન્દ્રપ્રસ્થ સોસાયટી,
ફીક્સ ફર્નિચર સાથે,
મો. ૯૩૭૬૧૨૩૩૬૬
1.30Cr. (Negotiable)



ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



Marksheet Lost

My class 10th Marksheet has been lost recently. The details are :

| | | |
|---|---|---|
| Roll No. | : | 1109227 |
| Candidates Name | : | VISHWA PATEL |
| Mother's Name | : | Bhavnaben Patel |
| Father's Name | : | Jagdishbhai Patel |
| School's Name | : | Hillwood School |
| Borad | : | CENTRAL BOARD of SECONDARY EDUCATION (CBSE) |
| Passing Year | : | 2017 |
| Date of Birth | : | 1st December |
| Phone Number | : | 94280 33838 |
| Address | : | 618/1, Sector-30, Chhandroday Socirty, Gandhinagar, Gujarat |
| PIN Code | : | 382030 |



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com